# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ ,ખડિયા

જૂનાગઢ,ગુજરાત (ભારત) ફો.(ઓ) :૦૨૮૫ -૨૬૮૧૪૦૦

Website :http://www.bknmu.edu.inEmail : info@bknmu.edu.in


પરિપત્ર:

**વિષય: "અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિમાં ફ્રીશીપકાર્ડ બાબત**

**સંદર્ભ: નાયબ નિયામક ( અનુ.જાતિ)ની કચેરી જુનાગઢના પત્ર ક્રમાંક નં.નાનિ/૧૪૩૧/૨૦૨૧**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમોના વડાશ્રીઓ ને જણાવવાનુ કે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૧/૦૮/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક સશક/૧૦૧૩/૫૪૯/૬ થી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજના અન્વયે તમામ માપદંડો મુજબ પાત્ર ઠરતા હોય તેવા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને ખાતરી કરી ફ્રીશીપકાર્ડ આપવાનુ ઠરાવવામાં આવેલ છે ઠરાવની શરતો મુજબ શિક્ષણ વિભાગ સંલગ્ન સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ મેળવનાર અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ નિયમોનુસાર ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ફ્રીશીપકાર્ડ આપવામાં આવે છે.

હાલ ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની રિવાઇઝડ ગાઇડલાઇન કેન્દ્ર સરકારશ્રી દ્વારા તા.૩૦/૦૩/૨૦૨૧ના પત્રથી પ્રસિધ્ધ થયેલ હોય ફ્રીશીપકાર્ડમાં સુધારા કરવાની જરૂરીયાત ઉભી થયેલ હતી. સુધારા સહિતનુ ફ્રીશીપકાર્ડ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના તા.૨૧/૦૬/૨૦૨૧ના ઠરાવક્રમાંક અજાક/૧૦/૨૦૨૦/૨૬૦૩૬૭/ગ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે વર્ષ ૨૦૨૧-૨૨થી સંબધિત જીલ્લા નાયબ નિયામકશ્રી, અ.જા.ક.ની કચેરીઓ દ્વારા નિયમોનુસાર આપવામાં આવે છે તેવા વિદ્યાર્થીઓને ફી લીધા સિવાય પ્રવેશ કરવાનો રહેશે.

રિવાઇઝડ ગાઇડલાઇન મુજબ કેન્દ્ર સરકારશ્રી દ્વારા જણાવવામાં આવેલ છે કે વર્ષ ૨૦૨૧-૨૨થી શિષ્યવૃતિની તમામ રકમ વિદ્યાર્થીઓના જ બેંક ખાતામાં જમા કરવાની રહેશે જેથી હવે વર્ષ ૨૦૨૧-૨૨થી ફ્રીશીપકાર્ડ યોજના અંતર્ગત સંબધિત કોલેજ/સંસ્થાએ ફ્રીશીપકાર્ડના આધારે અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ પાસેથી ફી લીધા વિના જે તે અભ્યાસક્રમમાં એડમીશન આપવાનુ રહેશે અને જ્યારે સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવુતિ જમા કરવામાં આવે ત્યારે વિદ્યાર્થી કોલેજમાં નિયમોનુસાર ભરવા પાત્ર ફી ૭ કામકાજના દિવસમાં પોતાની કોલેજ/સંસ્થાને ફરજીયાત ચુકવશે જેની જાણ થવા વિનંતી છે.

વધુમં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ અગાઉ વિદ્યાર્થીઓને જે ફ્રીશીપકાર્ડ આપવામાં આવેલ હતા તે ફ્રીશીપકાર્ડ વિદ્યાર્થીઓનો હાલનો અભ્યાસક્રમ પુર્ણ ના થાય ત્યાં સુધી માન્ય ગણાશે અને ભારત સરકારશ્રી દ્વારા જણાવ્યા મુજબ આવા રિન્યુ વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૨૧-૨૨થી શિક્ષણે ફી સહિતની તમામ શિષ્યવૃતિ વિદ્યાર્થીના ખાતામાં જ જમા કરવામાં આવશે જેની જાણ થવા વિનંતી છે.

કા.કુલસચિવશ્રી

ક્રમાંક : બીકેએનએમયુ/એકેડેમિક/ ૧૦૫૭ /૨૦૨૧

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,

ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ

તા. ૨૭/૦૮/૨૦૨૧

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમોના વડાશ્રીઓ

નકલ સાદર રવાના:

(૧) માન. કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ..

<u>અગત્યનું</u>

નં.નાનિ/ ૧૪૩૧ /૨૦૨૧
નાયબ નિયામક(અનુ.જાતિ)ની કચેરી
બ્લોક નં. ૧/૩, બહુમાળી ભવન
સરદારબાગ, જૂનાગઢ
ફોન નં. ૦૨૮૫-૨૬૩૦૩૫૮
dbcwo-jun@gujarat.gov.in
તારીખ:- ૧૧/૦૮/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
..........................................................................
..........................................................................
..........................................................................

વિષય: અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિમાં ફ્રીશીપકાર્ડ બાબત

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વેના સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૧/૮/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક:સશક/૧૦૧૩/૫૪૯/ડથી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજના અન્વયે તમામ માપદંડો મુજ્બ પાત્ર ઠરતા હોય તેવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાતરી કરી ફ્રીશીપકાર્ડ આપવાનુ ઠરાવવામાં આવેલ છે. સદરહું ઠરાવની શરતો મુજબ શિક્ષણ વિભાગ સંલગ્ન સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ મેળવનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ (હાલ નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ) નિયમોનુસાર ભારત સરકારશ્રીની પોષ્ટમેટ્રીક શિષ્યવૃત્તિની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ફ્રીશીપકાર્ડ આપવામાં આવે છે.

હાલ ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની રીવાઇઝ્ડ ગાઇડલાઇન કેન્દ્ર સરકારશ્રી દ્વારા તા:30/03/૨૦૨૧ના પત્રથી પ્રસિધ્ધ થયેલ હોય ફ્રીશીપકાર્ડમાં સુધારા કરવાની જરૂરીયાત ઉભી થયેલ હતી. સુધારા સહિતનું ફ્રીશીપકાર્ડ સામાજિક ન્યાય અને અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના તા:૨૧/૦૬/૨૦૨૧ના ઠરાવક્રમાંક: અજાક/૧૦/૨૦૨૦/૨૬૦૩૬૭/ગથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે વર્ષ:૨૦૨૧-૨૨થી સંબધિત જિલ્લા નાયબ નિયામકશ્રી, અ.જા.ક.ની કચેરીઓ દ્વારા નિયમોનુસાર આપવામાં આવે છે તેવા વિદ્યાર્થીઓને ફી લીધા સિવાય પ્રવેશ આપવાનો રહેશે.

<u>રીવાઇઝ્ડ ગાઇડલાઇન મુજબ કેંદ્ર સરકારશ્રી દ્વારા જણાવવામાં આવેલ છે કે વર્ષ:૨૦૨૧-૨૨થી શિષ્યવૃત્તિની તમામ રકમ વિદ્યાર્થીઓના જ બેંક ખાતામાં જમા કરવાની રહેશે જેથી હવે વર્ષ:૨૦૨૧-૨૨થી ફ્રીશીપકાર્ડ યોજના અંતર્ગત સંબધિત કોલેજ/સંસ્થાએ ફ્રીશીપકાર્ડના આધારે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પાસેથી ફી લીધા વિના જે તે અભ્યાસક્રમમાં એડમીશન આપવાનું રહેશે અને જ્યારે સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓના ખાતા શિષ્યવૃત્તિ જમા કરવામાં આવે ત્યારે વિદ્યાર્થી કોલેજમાં નિયમોનુસાર ભરવા પાત્ર ફી ૭ કામકાજના દિવસમાં પોતાની કોલેજ/સંસ્થાને ફરજીયાત ચુકવશે જેની જાણ થવા વિનંતી છે.</u>

GENERAL REGISTER
Inward No. 2866
Date 17/8/21

AFFILIATION
Inward No. 1348
Dt. 19.08.2021

વધુમાં શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨ અગાઉ વિદ્યાર્થીઓને જે ફ્રીશીપકાર્ડ આપવામાં આવેલ હતા તે ફ્રીશીપકાર્ડ વિદ્યાર્થીઓનો હાલનો અભ્યાસક્રમ પૂર્ણ ના થાય ત્યા સુધી માન્ય ગણાશે અને ભારત સરકારશ્રી દ્વારા જણાવ્યા મુજબ આવા રીન્યુ વિદ્યાર્થીઓની વર્ષ:૨૦૨૧-૨૨થી શિક્ષણ ફી સહિતની તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના ખાતામાં જ જમા કરવામાં આવશે જેની જાણ થવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
જૂનાગઢ

નકલ સવિનય રવાના:-

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૨) કુલ સચિવશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનીવર્સિટી, જિ.જૂનાગઢ તરફ જાણ તેમજ સંબધિત કોલજ/સંસ્થાઓને ઉક્ત બાબતની જાણ કરવા સારૂ.